# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તાઃ ૬/૨/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બરમાં 'ટેક્ષેશન ઓફ નોન – રેસિડેન્ટ એન્ડ ઇશ્યુઝ ઇન ટ્રાન્સફર પ્રાઇસિંગ' વિશે સેશન યોજાયુ

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ડબ્લ્યુઆઇઆરસી ઓફ આઇસીએઆઇ, સુરત બ્રાન્ચના સંયુકત ઉપક્રમે ગુરૂવારે, છઠ્ઠી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સાંજે ૪:૩૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'ટેક્ષેશન ઓફ નોન – રેસિડેન્ટ એન્ડ ઇશ્યુઝ ઇન ટ્રાન્સફર પ્રાઇસિંગ' વિષય ઉપર સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ઇન્કમ ટેક્ષ વિભાગના કમિશનર શ્રી મહેશ શાહ (આઇઆરએસ) અને જોઇન્ટ કમિશનર સુશ્રી ભાવના સિંઘ ઉપસ્થિત રહયા હતા. ઇન્કમ ટેક્ષ કમિશનર શ્રી મહેશ શાહ દ્વારા ઉદ્યોગકારો, પ્રોફેશનલ્સ તેમજ આયાત–નિર્યાતકર્તાઓને મહત્વનું માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સેશનની શરૂઆતમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે, ગુજરાત હવે ઇમ્પોર્ટ–એક્ષ્પોર્ટ માટેનું હબ બની ગયુ છે ત્યારે આયાતકર્તા અને નિર્યાતકર્તાઓને ટેક્ષેશન બાબતે ઘણી મુંઝવણો છે. આથી આજના સેશનમાં ઇન્કમ ટેક્ષ કમિશનર તેઓને માર્ગદર્શન આપશે.

શ્રી મહેશ શાહે જણાવ્યુ હતુ કે અન્ય દેશમાં કોઇ પ્રોડકટને એક્ષ્પોર્ટ કરવામાં આવશે તો ત્યાંના રેસીપેન્ટની સરનામા સહિતની વિગત વિભાગને આપવાની રહેશે. ટેક્ષ કલેકટ સર્વિસ (ટીસીએસ) હેઠળ આવરી લેવામાં આવતા ટેક્ષ માટે રેસીપેન્ટ પાસેથી નિર્યાતકર્તાઓને સર્ટિફિકેટ લેવાનો તેમણે અનુરોધ કર્યો હતો. રેસીપેન્ટ એ ત્યાંના દેશના રેસીડેન્ટ છે કે નોન રેસીડેન્ટ તે આ સર્ટિફિકેટને આધારે નકકી કરી શકાશે. જો રેસીપેન્ટ ખોટો હશે તો નિર્યાતકર્તાઓ વિભાગને સર્ટિફિકેટ બતાવી શકશે.

તેમણે ડબલ ટેક્ષેશન અંગે સમજણ આપતા કહયુ હતુ કે, ડબલ ટેક્ષેશનમાં ઇન્કમ ઉપર જે હાયર ટેક્ષ હશે તે આપવાનો રહેશે. વધુમાં તેમણે કહયુ કે ભારતનો નિવાસી છે અને વિદેશની કોઇ કંપનીમાં પાર્ટનર છે તો વિદેશની કંપનીમાંથી તેમને જે શેર પ્રોફીટ ભારતમાં મળે છે તેના ઉપર પણ તેમને ટેક્ષ લાગશે. આ અંગે તેમણે કહયુ હતુ કે જુદા–જુદા દેશો પ્રત્યે અલગ અલગ જોગવાઇઓ છે. જેના અનુસાર ટેક્ષ ભરવાનો રહે છે. તદુપરાંત તેમણે પોતાના વકતવ્યમાં ઇન્ટરનેશનલ ટ્રાન્ઝેકશન, એસોસિએટેડ એન્ટરપ્રાઇઝીસ અને સ્પેસિફાઇડ ડોમેસ્ટીક ટ્રાન્ઝેકશન વિગેરે મુદ્દાઓને પણ આવરી લીધા હતા.

આ સેશનમાં ડબ્લ્યુઆઇઆરસી ઓફ આઇસીએઆઇ, સુરત બ્રાન્ચના ચેરમેન સીએ મિહીર ઠકકરે પ્રાસંગિક વિધી કરી હતી. ચેમ્બરની ટેક્ષેશન એન્ડ ઇકોનોમિક અફેર્સ કમિટીના કો–ચેરમેન સીએ પ્રજ્ઞેશ જગાશેઠે સેશનનું સંચાલન કર્યુ હતુ. અંતે ઇન્કમ ટેક્ષ કમિશનરે ઉદ્યોગકારો, પ્રોફેશનલ્સ તેમજ આયાત–નિર્યાતકર્તાઓના વિવિધ સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.